અપીલ અરજી નં.૨૮૬ તા.૨–૧–૦૯

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૮–૧૧–૦૮ની અરજીથી (૧) સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯૭૯ તા.૧૯–૧૧–૦૮ ના પત્રમાં જણાવવામાં આવે છે કે ફાયર પ્રોટેકશનના સાધનો રાખેલ હોવાનું જણાવવામાં આવે છે પરંતુ આ ફાયર પ્રોટેકશનના સાધનોની મેન્યુ ફેકચરીંગ તેમજ એકસપાઈરી તારીખ જણાવવામાં આવેલ નથી. (૨) ગુ.પો. બોર્ડ ૧૧–૧–૦૮ ના રીપોર્ટમાં વાસ અનુભવાયેલ નથી તેવું જણાવે છે તો ગુ.પો.બોર્ડ રહેઠાણીક ઝોનમાં આવતી નથી તો સુમપામાં હદમાં નાગરીકના આરોગ્યની તમામ જવાબદારી સુમપાની આવે છે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૮૬/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૮–૧૧–૦૮ની અરજીથી (૧) સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯૭૯ તા.૧૯–૧૧–૦૮ ના પત્રમાં જણાવવામાં આવે છે કે ફાયર પ્રોટેકશનના સાધનો રાખેલ હોવાનું જણાવવામાં આવે છે પરંતુ આ ફાયર પ્રોટેકશનના સાધનોની મેન્યુ ફેકચરીંગ તેમજ એકસપાઈરી તારીખ જણાવવામાં આવેલ નથી. (૨) ગુ.પો. બોર્ડ ૧૧ –૧–૦૮ ના રીપોર્ટમાં વાસ અનુભવાયેલ નથી તેવું જણાવે છે તો ગુપોબોર્ડ રહેઠાણીક ઝોનમાં આવતી નથી તો સુમપામાં હદમાં નાગરીકના આરોગ્યની તમામ જવાબદારી સુમપાની આવે છે તેની માહિતી આપવા બાબતે પ્રતિભાવ નહીં મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, અરજદારે મુળ અરજીમાં નિર્દિષ્ટ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯૭૯ તા.૧૯–૧૧–૦૮ ની પત્રની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૫૦ તા.૭–૧–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)ને તથા અરજદારને મુળ અરજીમાં નિર્દિષ્ટ સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯૭૯ તા.૧૯–૧૧–૦૮ ની પત્રની નકલ અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈ સે.ઝોન/જાવક નં.૨૮૨ તા.૨૧–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જયારે અરજદાર તરફથી ઉકત પાઠવેલ પત્ર મુજબની નિર્દિષ્ટ પત્રની નકલ તા.૧૧–૯૧–૦૯ ના રોજ મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં માંગવામાં આવેલ માહિતી અંગે અપીલના તબકકે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૮૦ તા.૧–૧–૦૯ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ બાબતે સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯૭૯ તા.૧૯–૧૧–૦૮ ના પત્રના સંદર્ભમાં ફાયર પ્રોટેકશનના સાધનોની મેન્યુ ફેકચરીગ તેમજ એકસપાઈરી તારીખની માંગણી કરેલ જે અનુક્રમે તા.૨૦–૨–૦૮ અને તા.૨૦–૨–૦૯ હોવાની તથા મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારીએ જરી ઉધોગને ભારત સરકાર ધ્વારા ગૃહ ઉધોગ જાહેર કરેલ છે. લોકોના સ્વાસ્થ્ય પ્રશ્ન બાબતે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તરફથી સ્થળ નિરીક્ષણ કર્યા બાદનો રીપોર્ટ માન્ય રાખી શકાય તેવો પ્રત્યુત્તર પાઠવેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરક વિગતોમાં અરજીની માહિતી આપવા મુકેલ રીપોર્ટ નોંધ વિભાગની નકલ રજુ કરેલ છે. જેમાં જીપીસીબી સત્તા મંડળના સ્થળ તપાસનો હવાલો આપી તા.૧૧–૧–૦૮ ના જીપીસીબીના સ્થળ તપાસની નકલ રજુ કરેલ છે. જીપીસીબી એ જાહેર સત્તા મંડળ અને ઉપસ્થિત કરેલ કિસ્સા બાબતે નિયંત્રક સત્તા મંડળ પણ જણાય છે અને તેમને તપાસ કરી રીપોર્ટ પણ આપેલ છે. જે અરજદાર મુળ અરજીમાં ઉપસ્થિત કરેલ માત્ર સુમનપાને જવાબદારી બાબતના મુદ્દા આપોઆપ ખંડન કરે છે. અરજદારે અપીલમાં વાજબીપણાના સમર્થનમાં અન્ય કોઈ વિગતો રજુ કરેલ નથી.

### ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે મુળ અરજીથી માંગેલ દફતરી હકીકતલક્ષી માહિતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન કક્ષાએથી સમય મર્યાદામાં પૂરી પડાયેલ હોઈ કોઈ હુકમ કરવામાં આવતો નથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ....જાણ તથા અમલ માટે
(૨)શ્રી હેમંત એન. દેસાઈ